# પોરબંદરના પશુપાલકો માટે સુદામા ડેરીએ કિલો ફેટે ૧૦ રૂા.નો કર્યો વધારો

## ૧૨મી વાર્ષિક સાધારણસભામાં થઈ જાહેરાતઃ દૂધ સંઘનું ટર્નઓવર પણ ૪૪% વધ્યુઃ નવા મીઠાઈ પ્લાન્ટમાં ઉત્પાદિત ૮.૯૬ કરોડની મીઠાઈનું થયુ વેચાણ





(તસ્વીર:જીજ્ઞેશ પોપટ)

પોરબંદરની સુદામા ડેરીની ૧૨મી વાર્ષિક સાધારણસભાનું આયોજન કરવામાં આવ્યુ ત્યારની તસ્વીર

**પ્રતિનીધી દ્વારા**

**પોરબંદર તા.૨૧**

પોરબંદરના કુતિયાણા નજીક આવેલ સુદામા ડેરીની ૧૨મી વાર્ષિક સાધારણ સભાનું આયોજન થતા મહત્વની એવી જાહેરાત કરવામાં આવી હતી કે પશુપાલકોને દૂધના કિલો ફેટે ૧૦રૂા. વધારે અપાશે.

પોરબંદર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.ની વર્ષ ૨૦૨૩-૨૪ની ૧૨મી વાર્ષિક સાધારણસભા હોટલ લોર્ડસ ખાતે મળેલ. જેમાં ગુજરાત સરકારના પૂર્વ કેબીનેટમંત્રી બાબુભાઇ બોખીરીયા, પોરબંદર દૂધ સંઘના ચેરમેન ભરતભાઇ જીવાભાઇ ઓડેદરા, વાઇસ ચેરમેન ભરતભાઇ ભીમાભાઇ બોખીરીયા, સંઘના મેનેજીંગ ડિરેકટર શ્રીકાંત ભટ્ટ, નિયામક મંડળના સભ્યો અને દૂધ સંઘની દૂધ મંડળીના પ્રમુખ તથા



મંત્રીઓ હાજર રહ્યા હતા. આ પ્રસંગે પૂર્વ કેબીનેટ મંત્રી તથા દૂધ સંઘના પ્રણેતા બાબુભાઇ બોખીરીયા દ્વારા ડેરી અને પેકિંગ પ્લાન્ટના ફાયદા વિશે તેમજ પોરબંદર જિલ્લાના કુદરતી સંસાધનનો ઉપયોગ કરી પશુપાલન અને ખેતીથી કેવી રીતે વધુ આવક મેળવી શકાય તે અંગેની માહિતી આપી અને સંઘના મેનેજીંગ ડિરેકટર દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪ના પોરબંદર દૂધ સંઘના વાર્ષિક હિસાબો, દૂધ સંઘ દ્વારા હાથ ધરવાના ભાવી કાર્યક્રમ વિશે ચર્ચા કરવામાં આવેલ, દૂધ સંઘના ટર્નઓવરમાં ૪૪%ના વધારા સાથે રૂા. ૮૨૩.૬૪ કરોડનું ટર્નઓવર થયેલ છે. તેમજ દૂધના ગતવર્ષે રૂા. ૭૫૪ પ્રતિ કિલો ફેટ સામે ચાલુ વર્ષે સરેરાશ રૂા. ૭૮૬ પ્રતિ કિલો ફેટ ભાવ ચૂકવવામાં આવેલ જે ગત વર્ષની સરખામણીમાં સરેરાશ રૂા. ૩૨ પ્રતિ કિલો ફેટ ભાવ વધારે પશુપાલકોને ચૂકવવામાં આવેલ છે. તેમજ નવો સ્વીટ્સ પ્લાન્ટથી ગત વર્ષ રૂા. ૧.૧૪ કરોડના વેચાણ સામે ચાલુ વર્ષ રૂા. ૮.૯૬ કરોડના સુદામા ડેરી અને અમુલ બ્રાન્ડ હેઠળ સ્વીટસનું વેચાણ કરવામાં આવે છે. આ ઉપરાંત દૂધ સંઘના ચેરમેન અને ખેડૂત એવા ભરતભાઇ જીવાભાઇ ઓડેદરા દ્વારા તા. ૨૧-૮-૨૦૨૪થી દૂધના કિલો ફેટે રૂા. ૧૦નો વધારો કરવાની જાહેરાત કરવામાં આવેલ છે.

પોરબંદરથી પ્રસિધ્ધ....
દ્વારકાથી દીવ દરિયાઇ પટ્ટીનું એક માત્ર સાંધ્ય દૈનિક
ખબર જગત
सत्यं मम आयुधम् अस्ति ।
જયેશ વી. જોષી
તંત્રી-માલિક
મુદ્રક-પ્રકાશક
તા.૨૨-૦૮-૨૦૨૪, ગુરૂવાર
RNI No : GUJGUJ/2021/80622
ખબર મીડિયા હાઉસ, હરેક્રિષ્ના કોમ્પલેક્ષ, હોસ્પિટલ રોડ, પોરબંદર
Khabar Jagat
khabarporbandar@gmail.com

'ખબર જગત' સાથે જોડાવા માટે
નંબર ૬૩૫૧૬ ૭૭૯૧૭ પર HI લખી મોકલો

# પોરબંદર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘની વાર્ષિક સાધારણ સભા સંપન્ન



**ખબરપત્રી**
**પોરબંદર**

પોરબંદર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લીમીટેડની ૧૨મી વાર્ષિક સાધારણ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૨૩-૨૪ની સાધારણ સભા ગત તા.૨૧ને બુધવારે હોટેલ લોડસ ખાતે મળી હતી. જેમાં પૂર્વ કેબીનેટમંત્રી બાબુભાઇ બોખીરીયા, પોરબંદર દૂધ સંઘનાં ચેરમેન ભરતભાઇ જીવાભાઇ ઓડેદરા, વાઇસ ચેરમેન ભરતભાઇ ભીમાભાઇ બોખીરિયા સંઘનાં મેનેજીંગ ડિરેકટર શ્રીકાંતભાઇ ભટ્ટ, નિયામક મંડળનાં સભ્યો અને દૂધ સંઘની મંડળીનાં પ્રમુખ અને મંત્રીઓ હાજર રહ્યાં હતાં. આ પ્રસંગે પોરબંદર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘનાં પ્રણેતા બાબુભાઇ બોખીરીયાએ ડેરી અને પેકીંગ પ્લાન્ટનાં ફાયદા વિષે તેમજ પોરબંદર જિલ્લાનાં કુદરતી સંશાધનનો ઉપયોગ કરી પશુપાલન અને ખેતીથી કેવી રીતે વધુ આવક મેળવી શકાય તે અંગે માહિતી આપી હતી. દુધ ઉત્પાદક સંઘનાં મેનેજીંગ ડિરેકટર દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪નાં વાર્ષિક હિસાબો, દૂધ સંઘ દ્વારા હાથ ધરવાનાં ભાવી કાર્યક્રમ વિષે ચર્ચા કરવામાં આવી હતી. દૂધ સંઘનાં ટર્ન ઓવરમાં ૪૪ ટકાનાં વધારા સાથે રૂા.૮૨૩.૬૪ કરોડનું ટર્ન ઓવર થયું છે. તેમજ દુધનાં ગત વર્ષે રૂા.૭૫૪ પ્રતિ કિલો ફેટ સામે ચાલુ વર્ષે સરેરાશ રૂા.૭૮૬ પ્રતિકિલો ફેટ ભાવ ચુકવવામાં આવ્યો હતો. જે ગત વર્ષની સરખામણીમાં સરેરાશ રૂા.૩૨ પ્રતિકિલો ફેટભાવ વધારે પશુપાલકોને ચુકવ્યો છે. નવો સ્વીટસ પ્લાનથી ગત વર્ષે રૂા.૧.૧૪ કરોડનાં વેંચાણ સામે ચાલુ વર્ષે રૂા.૮.૯૬ કરોડનાં સુદામા ડેરી અને અમુલ બ્રાન્ડ હેઠળ સ્વીટસનું વેંચાણ કરવામાં આવ્યું છે. ઉપરાંત દૂધ સંઘનાં ચેરમેન અને ખેડૂત ભરતભાઇ જીવાભાઇ ઓડેદરા દ્વારા તા.૨૧-૮-૨૦૨૪થી દૂધનાં કિલો ફેટે રૂા.૧૦નો વધારો કરવાની જાહેરાત કરવામાંઆવી છે.